# શિક્ષણ વ્યવસ્થામાં અધ્યયન પદ્ધતિ અને અધ્યયન કાળ (વૈદિક સમયના સંદર્ભે )

હરિહર છોટુભાઈ પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન(બી.એડ્.),આણંદ

## ૧. પ્રસ્તાવના

પ્રાચીન ભારતમાં વાસ્તવિક અધ્યયન-અધ્યાપન ઉપનયન સંસ્કાર પછી જ કરવમાં આવતું હતું. અને આ સમયકાળથી જ બાળકે બ્રહ્મચર્ય આશ્રમનું પાલન કરવાનું રહેતું, એનો મુખ્ય ઉદ્દેશ હતો વેદવિદ્યા અથવા તો બ્રહ્મવિદ્યામાં પારંગત થવું. તત્કાલિન માન્યતા મુજબ શિક્ષણની આ પદ્ધતિમાં જ માનવ જીવનનું સાર્થક્ય છે. પરા અને અપરા વિદ્યાઓના જ્ઞાનમાં પરા એટલેકે, ભગવાનના સ્વરૂપ સંબંધી જ્ઞાનને જ શ્રેષ્ઠ માનવામાં આવતું. જ્યારે અપરા એટલેકે ચોસઠ વિદ્યા આદિક જ્ઞાનનું માત્ર જીવન વ્યવહારના માધ્યમથી વિશેષ મહત્ત્વ નહતું. આ સમયમાં પણ અત્યારના સમયની જેમ પ્રવેશ, નિકાસ, પરીક્ષા, આચાર્ય આદિની પસંદગી, સમય, સ્થળ વગેરે માટે ચોક્કસ બંધારણ હતાં. માનાંકો હતાં. એ કેવાં હતાં? એ સમયે અધ્યયનકાળ કેવો અને કેટલો હતો? અને અધ્યયન પદ્ધતિઓ કેવી હતી? તેની ટૂંકી રૂપરેખા અહીં અજુ કરી છે.

## ૨. અધ્યયન કાળ

વૈદિકયુગમાં બ્રહ્મચર્યાશ્રમનો આરંભ અથવા વૈદિક સાહિત્યના અધ્યયનનો સમય 12 વર્ષની ઉંમરે થતો હતો. અને વૈદિક યુગમાં વેદોનું અધ્યયન જ મહત્ત્વનું હતું. [1] આ અભ્યાસકાળ કેટલાં વર્ષ સુધીનો? જ્યાં સુધી વિદ્યાર્થીની વેદોના અધ્યયનમાં રસ-રુચિ રહે ત્યાં સુધી અભ્યાસ ચાલુ રાખવામાં આવતો. છાંદોગ્ય ઉપનિષ મુજબ ઈન્દ્ર એ પ્રજાપતિ પાસે 101 વર્ષ સુધી વેદોનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.[2]ભારદ્વાજ રૂષિએ જીવનના 3 ભાગ એટલે કે વાનપ્રસ્થાશ્રમ પૂર્ણ થતાં સુધી વેદોનું અધ્યયન કર્યું. અને સંન્યસ્ત આશ્રમમાં પણ બ્રહ્મચર્યના પરિપાલન માટે અનુષ્ઠાન કર્યાં.[3] વૈદિકકાળમાં બાળક માટે વેદોનું અધ્યયન જ આજીવન કરવું જોઈએ એવો ચાલ હતો. પરંતુ જો કોઈને ગૃહસ્થાશ્રમ કરવો હોય તો તે 12 વર્ષમાં એક વેદનું અધ્યયન કરીને સ્નાતક બની ગૃહસ્થાશ્રમમાં જતો.વૈદિકકાળના પૂર્વાર્ધમાં બહુધા 60 વર્ષો સુધી વેદ અધ્યયન ચાલતુ, પરંતુ વૈદિકકાળના ઉત્તરાર્ધમાં બહુધા 12 વર્ષ જ અધ્ય્યન કરવાનો ચાલ થયો. સ્નાતક પછી વિદ્યાર્થી ગૃહસ્થાશ્રમ તરફ વળી જતાં.[4] વૈદકકાળમાં 16 વર્ષ સુધી બાલક-કીશોર પોતાના ક્ષેત્રની આસપાસના આચાર્યો પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરતો હતો[5] અને પછી ઉચ્ચ શિક્ષણ માટે તક્ષશીલા-નાલંદા જેવી વિશ્વવિદ્યાલયોમાં જતો[6]. આમ, વૈદિક યુગમાં શિક્ષણની સર્વ સામાન્ય શરૂઆત 12 વર્ષની ઉંમરે થતી હતી અને એ અધ્યયન આજીવન પણ ચાલુ રહેતું એ વાત

---

[1] છાંદોગ્ય ઉપનિષદ, 6.1.1-2

[2] છાંદોગ્ય ઉપનિષદ, 8.11.3.

[3] તૈત્તરીય બ્રાહ્મણ, 3,10-11 ભારદ્વાજો હ વૈ ત્રિભિરાયુભિબ્રહ્મચર્યમુવાસ ! તં હ ઈન્દ્ર ઉપવ્રજ્યોવાચ – યત્તે ચતુર્થમાયુર્દ્યાં કિમેતેન કુર્યા ઈતિ ! બ્રહ્મચર્યમેવૈતેન ચરેયમિતિ હોવાચ !

[4] મનુસ્મૃતિ, 4.1

[5] બાર્હસ્પત્ય સૂત્ર, 3.1

[6] અસાતમંત જાતક, 61

સ્પષ્ટ થાય છે. વર્તમાન શિક્ષણ સંદર્ભે આપણે રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટની આજની પરિભાષા સાથે વૈદ્ક શિક્ષા પદ્ધતિનો તુલનાત્મક અભ્યાસ કરી શકીએ. વૈદિક યુગમાં 64 પ્રકારની વિદ્યાઓ ભણાવાતી હતી, જે આજે પણ અનેક રૂપે પ્રસ્તુત છે. અર્થાત બાળ માનસને સ્થાનિક સ્તરે જ પ્રશિક્ષિત કરવાનો ધારો વૈદિક યુગમાં રહ્યો. ઉપનિષદોના પરવર્તીકાલનાં મનુસ્મૃતિ જેવાં શાસ્ત્રો બ્રાહ્મણને ગર્ભાધાંથી આઠમે વર્ષે, ક્ષત્રિયને અગિયારમે વર્ષે, વૈશ્યને બારમે વર્ષે ઉપનયન કરવાની વાત કરે છે અને ત્યારબાદ શિક્ષાનો આરંભ થાય છે. આમ, છતાં સંજોગોવશાત આ ત્રણે વર્ણો માટે ક્રમશ: સોળ, બાર અને ચોવીસ વર્ષ સુધી ઉપનયન સંસ્કારથી દીક્ષિત થવાની છૂટ મળે છે એના આધારે એક વાત નક્કી થાય છે કે, ઉપનયન પૂર્વે વિદ્યાર્થી અવસ્થા પૂર્ણ થતી હોવી જોઈએ. કારણકે બ્રહ્મચારીને આઠ, અગિયાર કે બાર વર્ષે વિદ્યાભ્યાસ માટે ગુરુકુળમાં જવાનું થતું. અને ત્યાં બારેક વર્ષ અભ્યાસ કરવાનો થતો. જેમાં માતા-પિતા બાળકને વિલંબથી પણ ભણવા મોકલતાં. આ બધી ચર્ચાના અંતે એમ કહી શકાય કે, વૈદિકકાળમાં વિદ્યાભ્યાસ માટે વય કોઈ રીતે બંધનકારક ન હતી. આચાર્યકુલવાસની સમય મર્યાદા વિશે પણ જડતા નહતી. શિક્ષણ વિધિપુર:સર જ આપી શકાય તેવી અનિવર્યતા પણ જોવા મળતી નથી. બ્રહ્મચર્યાશ્રમની સાથે સાથે ગૃહસ્થાશ્રમમાં અને ક્યારેક ઉપનયન વિના પણ અધ્યયન-અધ્યાપન કરવામાં સંકોચ જોવા મળતો નથી. આમ, શિક્ષણક્ષેત્રે સંકુચિતતા અને જડતાને સ્થાને સ્વતંત્ર અને મુક્ત વાતાવરણ જોવા મળે છે.

### ૩. અધ્યયન પદ્ધતિ

વૈદિકકાલમાં અધ્યયનની રીતિ કંઠસ્થ કરવાની રહી છે. વિદ્યાર્થી વિદ્યાલયમાં કે આચાર્ય પાસે આવે ત્યારે વેદોના મંત્રોનું રટણ તેણે કરવું પડતું. જે પરંપરા આજે પણ યથાવત છે, ખાસ  કરીને વેદોનું અધ્યયન કરતાં બાળકોમાં.હાથની ભાવભંગીમા અને શુદ્ધ ઉચ્ચારણ સાથેના વૈદિક શ્લોક ગાન માટે વિદ્યાર્થી અને આચાર્ય ખુબ જ સતર્ક રહેતાં. આચાર્ય પાઠની શુદ્ધતા સાથે ઉચ્ચારણ કરતાં અને વિદ્યાર્થી એની પુનરાવૃત્તિ કરતા, જો કોઈ ભૂલ પડે તો આચાર્ય વારંવાર એનો એ પાઠ કે શ્લોક પુનરાવર્તીત કરાવતા અને અશુદ્ધિઓ દૂર કરાવ્યા બાદ જ આગલનો પાઠ ભણાવતા. જે વૈદિકકાળના શિક્ષણનું સ્વાભાવિક અંગ હતું. અને આ સમયના શિક્ષણની પદ્ધતિમાં ક્યાંય શુલ્કનું પ્રાવધાન જોવા મળતું નથી. શિક્ષણના બદલામાં આચાર્ય કે આચાર્ય કુળ દ્વારા પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે, નિયત સ્વરૂપે અધ્યાપન શુલ્ક લેવાતું હોવાના કોઈ ઉલ્લેખો ઉપલબ્ધ થતા નથી. તેથી કહી શકાય કે તત્કાલિન શિક્ષણ પદ્ધતિ નિ:શુલ્ક અને વિદ્યાર્થીની પાત્રતા અને યોગ્યતાના આધાર પર હતી.

તત્કાલિન શિક્ષણ પદ્ધતિ બાહ્ય હસ્તક્ષેપથી પણ મુક્ત હતી, પાઠ્યક્રમો આદિના ઘડતરમાં આચાર્ય સ્વતંત્ર હતા. આમ,વૈદિક શિક્ષણ સંપૂર્ણ રીતે રાજકીય અને સામાજિક પ્રભાવોથી મુક્ત અને બંધન વગરનું હતું એમ આપણે કહી શકીએ છીએ. આ વિષયમાં વિદ્યાર્થીના લક્ષણો, આચાર્ય-ગુરુની પસંદગી, ગુરુકુલની વ્યવસ્થા, સુવિધા આદિ અનેક પાસાઓનો વિચાર કરી શકાય તેમ છે.